### નવસારીના દુધિયા તળાવ શાકભાજી માર્કેટમાં ગંદકીનું સામ્રાજ્ય

# નવસારીમાં સ્વચ્છતાના દાવા કાગળ પર

**ટેક્સ** સમયસર વસૂલાય છે, પરંતુ ગંદુ પાણી રોકવાની વ્યવસ્થા જાણે 'આવતીકાલે કરીશું'ના વાયદે

**શાકભાજી** માર્કેટમાં વેપારીઓ અને ગ્રાહકો ગંદકી વચ્ચે રોજિંદી ખરીદી-વેચાણ કરવા મજબૂર



નવસારીઃ શહેરમાં સ્વચ્છતા અને સુવિધાઓના દાવા ભલે કાગળ પર ચમકતા હોય, પરંતુ દુધિયા તળાવ શાકભાજી માર્કેટની હકીકત જાણે એ દાવાઓને જ અરીસો બતાવી રહી છે. પાવર સ્ટેશનની બાજુમાં આવેલું જાહેર યુરીનલમાંથી ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી સતત લીક થઈ રહ્યું હોવાના કારણે માર્કેટમાં જાણે ગંદકીનો 'અવિરત ઝરણો' વહેતો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શાકભાજી વેચનારાઓની લારીઓ અને પાથરણાં પાસે ગંદુ પાણી ભરાય છે, દુર્ગંધ ફેલાય છે અને ગ્રાહકો બે મિનિટ ઊભા રહેતાં પહેલાં જ નાક પર રૂમાલ મૂકવાની ફરજ પડે તેવી સ્થિતિ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

મજાની વાત એ છે કે પ્રજાને ટેક્સની રસીદ સમયસર મળી જાય છે, પરંતુ બદલામાં સ્વચ્છતા અને જાળવણીની 'રસીદ' ક્યારે મળશે તેનો જવાબ જાણે તંત્ર પાસે પણ નથી! જાહેર યુરીનલની જાળવણી અને લીકેજની સમસ્યા જો લાંબા સમયથી યથાવત હોવાનો આક્ષેપ છે, તો સવાલ એ પણ છે કે જવાબદાર વિભાગની નજર આ ગંદકી પર પડી નથી કે પછી નજર પડીને પણ આંખ મીંચી લેવાનું 'સુવિધાજનક આયોજન' છે?

શાકભાજી વેચનારાઓ માટે આ માત્ર દુર્ગંધનો પ્રશ્ન નથી. રોજીરોટી માટે કલાકો સુધી આ જ સ્થળે બેસવું પડે છે. ગ્રાહકો માટે પણ શાકભાજી ખરીદવાની જગ્યાએ ગંદકી અને દુર્ગંધનો સામનો કરવો પડે છે. એટલે હવે પ્રશ્ન માત્ર યુરીનલના લીકેજનો નથી, પરંતુ જાહેર સુવિધાની જાળવણી, જવાબદારી અને તંત્રની દેખરેખની વ્યવસ્થા ખરેખર ક્યાં સુધી કાર્યરત છે તેનો છે.

### 'ગંદા સવાલ'નો જવાબ સફાઈ કરાવીને આપશે કે લીકેજનું મૂળ શોધીને

સામાજિક અગ્રણી મોહન પટેલ (અગાસી)એ પણ આ સ્થિતિ સામે આક્રોશ વ્યક્ત કરતાં તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ 'ગંદા સવાલ'નો જવાબ માત્ર સફાઈ કરાવીને આપશે કે લીકેજનું મૂળ કારણ શોધીને કાયમી ઉકેલ પણ લાવશે. કારણ કે ગંદકી સાફ કરવી સહેલી છે, પરંતુ બેદરકારીની ગંધ દૂર કરવા જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

### વાપીની કંપનીમાંથી તસ્કરો કોપર વાયર અને એમએસ પ્લેટ ચોરી ગયા

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી ચલા પ્રમુખ ઓરામાં રહેતા હિમાંશુ સતિષભાઈ સિન્હા વાપી જીઆઈડીસી ફોર્થ ફેઝમાં પટેલ એન્જિનિયર્સ કંપનીમાં નોકરી કરે છે. રાબેતા મુજબ ગત તા.29-9-26 ના રોજ નોકરી પર ગયા હતા અને રાત્રીના નવેક વાગ્યે પરત ફર્યા હતાં. બીજે દિવસે સવારે નોકરી પર ગયા ત્યારે કામ કરનાર વર્કરે જણાવ્યું કે, એમએસની પ્લેટ અને વેલ્ડીંગ મશીનના કોપર વાયર ચોરી થયા છે. તસ્કરોએ કંપનીમાં પ્રવેશ કરી કંપનીમાં રાખેલો વેલ્ડીંગ મશીનના કોપરના વાયર વજન આશરે 15 કિ.ગ્રામ (કિંમત આશરે 21 હજાર), એમએસની 5 પ્લેટ કિંમત આશરે 12 હજાર મળી કુલ રૂપિયા 33000ની ચોરી કરી ગયાની ફરિયાદ હિમાંશુએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી મહાનગરપાલિકા દ્વારા ચણોદમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS)ના માર્ગદર્શન હેઠળ "સેવા સેતુ કાર્યક્રમ"નું આયોજન પ્રાથમિક શાળા, ચણોદ ઝોન ઓફિસની સામે યોજાયો હતો. કાર્યક્રમનું ઉદ્ધાટન મેયર દક્ષાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવસારીના માજી ધારાસભ્ય પીયુષ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મેયર દક્ષાબેન પટેલ તથા પીયુષ દેસાઇએ વિવિધ સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને નગરજનોની રજૂઆતોનો ઝડપી, સરળ અને અસરકારક રીતે નિકાલ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મેયર દક્ષાબેન પટેલ તથા પીયુષ દેસાઈના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત "આંગણવાડી મિલન સેવા" કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં આંગણવાડી કાર્યકરોનું સન્માન તેમજ બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવા સેતુ કાર્યક્રમમાં ૧૩૦૫ નગરજનોએ વિવિધ યોજનાઓ તથા સેવાઓનો લાભ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ધરમપુરમાં કોંગ્રેસની 'Gen-Z યાત્રા'નો આદિવાસી યુવાનો દ્વારા વિરોધ

ધરમપુર : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાના આદેશથી કપરાડાથી ધરમપુર ખાતે આવેલી કોંગ્રેસની 'ઝેન જી યાત્રા' દરમિયાન આદિવાસી યુવાનોએ જાહેરમાં વિરોધ નોંધાવતા રાજકીય વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે. માજી સાંસદ કિશન પટેલ, કોંગ્રેસના મહામંત્રી મુફીદ પઠાણ અને માજી પ્રમુખ સુરેશ પટેલની આગેવાનીમાં આ યાત્રા ધરમપુરના નાની કોરવડ ગામે પહોંચી હતી. અંતરિયાળ વિસ્તારના યુવાનોએ નેતાઓને ઘેરીને "તમે માત્ર જરૂર પડે ત્યારે જ કેમ આવો છો?" તેવા સવાલો કર્યા હતા. યુવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મુશ્કેલીના સમયે કલ્પેશ પટેલ જ અમારી વહારે આવે છે. યુવાનો દ્વારા કોંગ્રેસના નેતાઓની જાહેરમાં પસ્તાળ પાડવાનો આ વિડીયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયો છે, જેના કારણે કોંગ્રેસના આગેવાનોમાં દોડધામ મચી ગઈ હતી.

### દમણ-દીવના સાંસદ રાસાયણ અને ખાતર સંસદીય સમિતિના સભ્ય તરીકે નિયુક્ત

દમણ : સંઘપ્રદેશ દમણ-દીવના અપક્ષ સાંસદ ઉમેશ બાબુભાઈ પટેલને સંસદની રાસાયણ અને ખાતર સંબંધિત સમિતિના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સાંસદ ઉમેશ પટેલે જણાવ્યું કે, સમિતિની સભ્યતા તેમના માટે માત્ર સન્માન નહીં પરંતુ દમણ-દીવની જનતાના પ્રશ્નોને સંબંધિત મંત્રાલયો અને સરકારી વિભાગો સુધી પહોંચાડી તેના ઉકેલ માટે સતત પ્રયાસ કરવાની જવાબદારી છે. ખાસ કરીને દમણગંગા અને કોલક નદીમાં ઔદ્યોગિક રાસાયણિક પ્રદૂષણનો મુદ્દો તેઓ અગાઉથી ઉઠાવતા રહ્યા છે. ઔદ્યોગિક પ્રદૂષણની અસર દમણના દરિયા, પર્યાવરણ, જનઆરોગ્ય તેમજ સ્થાનિક માછીમાર સમાજ પર થતી હોવાના મુદ્દે હવે રાસાયણ અને ખાતર સંબંધિત સંસદીય સમિતિના માધ્યમથી સંબંધિત વિભાગો સમક્ષ વધુ અસરકારક રીતે રજૂઆત કરવાની તક મળશે. સાંસદ ઉમેશ પટેલે અગાઉ OBC સંબંધિત સંસદીય સમિતિ સહિત અન્ય મહત્વપૂર્ણ સંસદીય સમિતિઓમાં પણ કામગીરી કરવાની તક મળ્યાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, દરેક જવાબદારીને તેઓ સંપૂર્ણ નિષ્ઠા અને સક્રિયતા સાથે નિભાવશે. દમણ-દીવના હિત સાથે દેશહિતને પણ પ્રાથમિકતા આપીને સંસદમાં પ્રદેશની જનતાનો અવાજ વધુ મજબૂતીથી રજૂ કરવાનો તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવા બદલ તેમણે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# પારડીના જ્વેલર્સમાં અજાણ્યો સોનાના દાગીના ચોરી ગયો

**ટોપી** અને માસ્ક પહેરીને આવેલો અજાણ્યો દાગીના પસંદ નથી આવ્યા કહીને દુકાનમાંથી ચાલ્યો ગયો



અમૃત પટેલ

પારડી : પારડીમાં વલસાડી ઝાંપા કુંભારવાડ ખાતે આવેલી 'બંસી જ્વેલર્સ'માં ગ્રાહક બનીને આવેલા એક અજાણ્યા શખ્સે અંદાજે પાંચ તોલા સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયાની ઘટના સામે આવી છે. આ અંગે દુકાનદારે પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

બપોરના સુમારે ટોપી અને માસ્ક પહેરીને આવેલા અજાણ્યા વ્યક્તિએ દુકાનદાર દીપકભાઈ ચંપકભાઈ પારેખ પાસે સોનાની બુટ્ટી માંગતા તેમણે બુટ્ટી બતાવી હતી. આરોપી તે બુટ્ટીના રૂ. ૧૯૦૦ ચૂકવી, પત્નીને બતાવીને પરત આવવાનું કહીને ગયો હતો. ત્યારબાદ તેણે ફરીથી બુટ્ટીઓ માંગતા દીપકભાઈએ બતાવી હતી.

આરોપી દાગીના પસંદ નથી આવ્યા એમ કહીને ત્યાંથી ચાલ્યો ગયો હતો. તે ગયા બાદ દીપકભાઈએ બોક્સ ચેક કરતાં તેમાં રાખેલી આશરે ૫૦ ગ્રામ (પાંચ તોલા) વજનની સોનાની ૮ ચેઇન ગાયબ જણાઈ હતી, જેની કિંમત અંદાજે રૂ. ૨,૫૦,૦ થાય છે. સમગ્ર ચોરીની આ ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે. દીપકભાઈની ફરિયાદના આધારે પારડી પોલીસે સીસીટીવી ફૂટેજના ફૂટેજ મેળવીને પી.આઈ. વાય.બી. ગોહિલની ટીમ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# 'તારીખ પે તારીખ' નવસારીમાં 75-વલસાડમાં 25થી વધુ ACBના પેન્ડિંગ કેસ

**અદાલતોમાં** લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કેસોના ઝડપી નિકાલ માટે રજૂઆત

**કેસો** લાંબા સમય સુધી પેન્ડિંગ રહેવાથી થતી મુશ્કેલીઓ

નવસારી : નવસારીમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા નોંધાયેલા અને અદાલતોમાં લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કેસોના ઝડપી નિકાલને લઈને એક એડવોકેટ તથા એસીબી કેસના ફરિયાદી દ્વારા મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. વર્ષો સુધી કેસોની સુનાવણી ચાલુ રહેવાના કારણે ન્યાય પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય તે માટે જરૂરી પગલાં લેવાની માંગ કરાઈ છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, એસીબીના કેસોમાં તપાસ અને કાયદેસરની કાર્યવાહી બાદ મામલો અદાલતી તબક્કે પહોંચે છે. જો કે, કેસ લાંબા સમય સુધી પેન્ડિંગ રહે ત્યારે ફરિયાદી, પંચો અને સાક્ષીઓને વારંવાર અદાલતમાં હાજર રહેવું પડે છે. સમય પસાર થવાથી સાક્ષીઓની ઉપલબ્ધતા જેવી વ્યવહારુ મુશ્કેલીઓ ઊભી થાય છે. 'તારીખ પર તારીખ'ની સ્થિતિને કારણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવનાર વ્યક્તિ માટે લાંબી ન્યાયિક પ્રક્રિયામાંથી પસાર થવું મુશ્કેલ બને છે, તેથી શક્ય તેટલી ઝડપથી કેસોનો નિકાલ થાય તે જરૂરી છે.

આ રજૂઆતમાં નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૯થી ૨૦૨૬ દરમિયાન ૭૫ કેસ અને વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૨૫થી વધુ કેસ પેન્ડિંગ હોવાનો ઉલ્લેખ કરાયો છે. જો કે, આ આંકડાઓની સત્તાવાર સ્થિતિ રેકોર્ડ દ્વારા પુષ્ટિ થવી જરૂરી છે. સાક્ષીઓ કે પંચોની ગેરહાજરીમાં અનાવશ્યક વિલંબ ટાળવા કાયદાકીય જોગવાઈઓનો ઉપયોગ કરવા પણ માંગ કરાઈ છે.

### કેસ પેન્ડિંગ હોવો આરોપ સાબિત થયાનો પુરાવો નથી

સાથે જ, આરોપી વ્યક્તિને કાયદા હેઠળ મળતા તમામ હકો, ન્યાયસંગત સુનાવણી અને દોષ સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ ગણાવાના સિદ્ધાંતનું પાલન થવું પણ એટલું જ આવશ્યક છે. કેસ પેન્ડિંગ હોવો એ પોતે આરોપ સાબિત થયાનો પુરાવો નથી. અંતિમ નિર્ણય અદાલત દ્વારા પુરાવા અને કાયદાના આધારે જ થાય છે. અંતમાં, તમામ પક્ષોના અધિકારોનું જતન થાય અને પેન્ડિંગ કેસોનો સમયબદ્ધ નિકાલ થાય તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે.

### ડાંગ જિલ્લાની ૧૦૦ ગ્રામ પંચાયતોમાં યોજાઈ ગ્રામ સભા



ગીરીશ ભોયે

સાપુતારા : ૨ ઓક્ટોબર પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ડાંગ જિલ્લાની તમામ ૧૦૦ ગ્રામપંચાયતોમાં વિશેષ ગ્રામ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ સભા દરમિયાન સરકારી સેવાઓ અને વહીવટી પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને અસરકારક બનાવવા માટે ગ્રામજનો પાસેથી સુધારાત્મક સૂચનો મેળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આજના ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા અંગે લોકો જાગૃત થાય તે માટે પણ વિશેષ માહિતી પૂરી પાડવામાં આવી હતી. જળ સંરક્ષણ માટે Catch the Rain અભિયાન અંતર્ગત ભૂગર્ભ જળ રિચાર્જ અને જળ સંચય વિશે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. સામાજિક બદીઓ દૂર કરવા માટે ગ્રામ સભામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિશિષ્ટ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. જેમાં બાળ લગ્ન અટકાવવા અંગે જાગૃતિ લાવવાના મુદ્દા પર ભાર મુકવામાં આવ્યો હતો. ગ્રામીણ યુવાધનને વ્યસનમુક્ત કરવા માટે તમામ ઉપસ્થિત લોકોએ નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લીધી હતી. ગ્રામ સભામાં મહિલાઓ, બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ, આરોગ્ય, શિક્ષણ અને અન્ય સ્થાનિક પ્રશ્નો અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ગ્રામ સભાઓમાં છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભો પહોંચાડવા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતુ.

### કપરાડા તાલુકામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



વલસાડ : કપરાડા તાલુકાના પાંચવેરા અને બારપુડા ગામ સુધી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કપરાડા તાલુકાના જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ અધ્યક્ષ રેણુકા ઉદાર, સરપંચો મગનભાઈ અને રમેશભાઈ સહીત ગ્રામજાનોની ઉપસ્થિતિ વચ્ચે આ અભિયાન અંતર્ગત ગામમાં સ્વચ્છતા જાળવવા, પર્યાવરણનું રક્ષણ કરવા અને ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં વિવિધ વિભાગના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, યુવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાઈ સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. તલાટી મંત્રી, ફોરેસ્ટ ટીમ, પોલીસ સ્ટાફ, ઈશ્વરભાઈ ઉદાર, ચંદરભાઈ જોગારે ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### કાલઈમાં 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' સંપન્ન



ઉમરગામ : ઉમરગામ તાલુકાના કાલઈ હળપતિવાસ આંગણવાડી કેન્દ્ર ખાતે 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વહીવટી તંત્ર અને ગ્રામપંચાયતના સંકલનથી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીના લાભાર્થીઓને THR અને MMY કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોના પોષણ અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાના હેતુથી ગામના સ્વસ્થ બાળકોને સુખડી તેમજ ફ્રૂટ બાસ્કેટ અર્પણ કરવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકર, તેડાગર બહેન અને આશા વર્કરોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીની સાથે તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના સભ્ય, બાળ વિકાસ યોજના અધિકારી, ગ્રામ પંચાયતના સરપંચ, ગામના આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ફડવેલની એચ.ડી. સાર્વજનિક વિદ્યામંદિરના પ્રમુખ તરીકે આનંદ દેસાઈની વરણી



ઘેજ : ચીખલી તાલુકાના ફડવેલ વિભાગ કેળવણી મંડળની એચ.ડી. સાર્વજનિક વિદ્યામંદિરના પટાંગણમાં યોજાયેલા વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના સુકાની તરીકે ૨૫ વર્ષનું દીર્ઘ અને યશસ્વી કાર્યકાળ પૂર્ણ કરનાર આનંદ દેસાઈની નવમી વખત પ્રમુખપદે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમની સાથે ઉપપ્રમુખપદે હર્ષદ પટેલ તથા મંત્રીપદે બિપીન પટેલની પણ બિનહરીફ વરણી થઇ હતી. આનંદ દેસાઈના કાર્યકાળ દરમિયાન શાળાનું નવું ભૂકંપ પ્રતિરોધક મકાન નિર્માણ પામ્યું હતુ. જુનિયર-સિનિયર વિભાગથી શરૂ થયેલી શૈક્ષણિક યાત્રા આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સુધી પહોંચી છે. ધોરણ ૧૧-૧૨ના ગ્રાન્ટેડ વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા છે. માત્ર ૭૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી શાળામાં આજે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સભામાં ઉપસ્થિત આગેવાનોએ આનંદ દેસાઈના નેતૃત્વ હેઠળ સંસ્થાએ કરેલા હરણફાળ વિકાસ અને કાયાકલ્પને મુક્તકંઠે બિરદાવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી તરીકે મજીદભાઈ મેમણ તથા હરિશભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી હતી. સભામાં ઉપસ્થિત ગણદેવી સુગરના ડિરેક્ટર હિતેશ પટેલનું પ્રમુખ આનંદ. દેસાઈ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આમંત્રિત સભ્ય નવનિતભાઈનું અમૃતભાઈ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. સભાના અંતે નવનિયુક્ત મંત્રી બિપીન પટેલે મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ધરમપુર તાલુકામાં દીપડાના આંતકથી ફફડાટ

ધરમપુર : ધરમપુર તાલુકાના ચીંચોઝર અને બામટી ગામમાં દીપડાની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે. ચીંચોઝર ગામે શાળા અને કેળફળિયા પાસે દીપડો દેખાતા ગ્રામ પંચાયતે વન વિભાગને લેખિત રજૂઆત કરી તાત્કાલિક પાંજરું મૂકવા માંગ કરી છે. અગાઉ પશુનું મારણ કરાયું હોવાથી બાળકોની સુરક્ષાને લઈને વાલીઓમાં ચિંતા ફેલાઈ છે. બીજી તરફ, બામટીના ઘોઘરપાટી ફળિયામાં ૨ ઓક્ટોબરે દીપડાએ કૂતરાનો શિકાર કરતા વન વિભાગે ૩ ઓક્ટોબરે જ પાંજરું ગોઠવી દીધું હતું. બામટીની જેમ ચીંચોઝરમાં પણ વિલંબ કર્યા વિના પાંજરું ગોઠવવામાં આવે અને પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# બલીઠા બ્રિજ પર કન્ટેનર પાછળ બાઈક અથડાતાં યુવકનું મોત

**કંપનીમાં** નોકરી ઉપર જોઈન્ટ થવા બે દિવસ પહેલાં આવેલો સુરતનો યુવક મોતને ભેટ્યો

વાપી : મૂળ સુરત અને હાલ વાપી છીરી, ભગવતી પેલેસમાં રહેતો દિનેશ પુરોહિત સેલ્સ માર્કેટીંગનું કામ કરે છે. તેનો મિત્ર હિતેશ ચૌધરી (ઉં.27, રહે. કીમ, સુરત) બે દિવસ પહેલા દાદરા સ્થિત કંપનીમાં નોકરી ઉપર જોઈન્ટ થવા માટે આવ્યો હતો. દિનેશની માસીનો છોકરો સ્નેહ અજય પુરોહિત (ઉં.25, રહે. સુરત) મળવા માટે આવેલો હતો. જે બાદ તેઓ તમામ હરવા-ફરવા દમણ ગયા હતા અને નાસ્તો કરી ઘરે પરત ફર્યા હતાં. દિનેશ રૂમમાં સૂતો હતો અને માસીનો છોકરો સ્નેહ અને મિત્ર હિતેશ બહારથી દરવાજો બંધ કરી જતા રહ્યા હતાં. જે બાદ તેઓ જાગ્યા ત્યારે બંને નજરે ન પડતા સ્નેહને ફોન કર્યો તો કોઈકે ફોન ઉપાડ્યો હતો અને જણાવ્યું કે, મધ્ય રાત્રીના દોઢેક વાગ્યાની આસપાસ વાપી બલીઠા જકતાનાકા બ્રિજ ઉપર કન્ટેરની પાછળ ટકરાતા બંનેને માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચેલી છે અને વાપી સરકારી દવાખાને લઈ ગયા છે. જે બાદ તેઓ તરત જ હોસ્પિટલ પહોંચ્યો હતો ત્યાં હિતેશની ડેથ બોડી હતી જ્યારે સ્નેહને સુરતની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ટ્રકચાલકે વાહન બ્રેક ડાઉન થતાં સિગ્નલ લાઈટો, પાર્કિંગ લાઈટો તથા રીફલેક્ટર કે કોઈ સંકેત રોડ ઉપર મૂકયા ન હતાં. જેથી કન્ટેનર નજરે ન પડતા પાછળથી બાઈક અથડાઈ હતી અને બંને ઈજાગ્રસ્ત થયા હતા અને મિત્ર હિતેશનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ દિનેશ પુરોહિતે ટ્રકચાલક સુરેશ ગીરી (ઉં.31, રહે. ભીવંડી, મહારાષ્ટ્ર) સામે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં કરી હતી.

### જૂના થાણામાં બાઇક સળગી, અજાણ્યા સામે ફરિયાદ

નવસારી : નવસારીના જૂના થાણા વિસ્તારમાં રહેતા ધર્મેશભાઈ વસંતભાઈ પટેલે પોતાની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ (નંબર GJ-21-AS-3731) તા. ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે ઘર નજીક પાર્ક કરી હતી. મોડી રાત્રે કોઈ અવાજ આવ્યા બાદ, સવારે તપાસ કરતાં વાહન સંપૂર્ણપણે સળગી ગયેલી હાલતમાં મળી આવ્યું હતું. વાહન માલિકે અજાણ્યા ઈસમો દ્વારા જાણી જોઈને મોટરસાઈકલ સળગાવવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરી નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે આગ લાગવાના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.





# વલસાડ જિલ્લામાં સફાઈનું મહાઅભિયાન

વલસાડ : વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉદ્દેશ્યથી કલેક્ટર નીતિન સાંગવાનના વડપણ હેઠળ વિશેષ 'સન્ડે સ્વચ્છતા ડ્રાઇવ' યોજાઈ રહી છે. જેમાં ૧૯૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ સફાઈ કામગીરીમાં જોડાયા હતા.

આ અભિયાનમાં રોડ પર પડેલો જૂનો સામાન અને વાહનોનો નિકાલ કરીને રસ્તાઓ ચોખ્ખા કરવામાં આવ્યા હતા. કલેક્ટર નીતિન સાંગવાનની ટીમે લીલાપોરથી છીપવાડ રોડ પર સફાઈ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની ટીમે લીલાપોર સર્કલથી ઔરંગા નદી પુલ સુધી સફાઈ હાથ ધરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની ટીમે બસ સ્ટેશનથી આરપીએફ ગ્રાઉન્ડ સુધીનો વિસ્તાર ક્લીન કર્યો હતો.

જાહેર માર્ગો પર દબાણ દૂર કરવા સાથે પાનના ગલ્લા પર ગુટખા ખાનારાઓને કચરો કચરાપેટીમાં જ નાખવા ચેતવણી અપાઈ હતી. વલસાડ શહેર ઉપરાંત ઉમરગામ, પારડી, ધરમપુર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ ડ્રાઇવ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# દમણગંગામાં પિતૃશ્રાદ્ધ પૂજા વખતે ૧૦ વર્ષીય બાળક ડૂબી ગયો

**ફાયર** ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું, નદીમાંથી બાળકનો મૃતદેહ મળી આવ્યો

વાપી : વાપી ડુંગરી ફળિયા દમણગંગા નદીમાં મિત્રો સાથે નાહવા ગયેલા પૈકી 13 વર્ષીય તરુણનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યાની શ્યાહી હજી સૂકાઈ નથી અને ફરી બીજી ઘટના સામે આવી હતી. જેમાં વાપી દમણગંગા નદીએ ગઈકાલે શનિવારના રોજ પિતૃશ્રાધ્ધની પૂજા માટે આવેલા પરિવારનો 10 વર્ષીય બાળક પાણીમાં ડૂબી ગયો હતો અને ફાયર ટીમે રેસ્કયુ કર્યુ હતું અને બીજા દિવસે બાળકની લાશ મળી હતી.

મળતી વિગત અનુસાર, શનિવારના રોજ સાંજના સમયે પિતૃશ્રાદ્ધ પૂજા માટે વાપી સુલપડ વિસ્તારમાં રહેતો પરિવાર વાપી દમણગંગા નદી, મુકિતધામ પાસે આવ્યો હતો. પરિવારનો 10 વર્ષીય પુત્ર નાગેશ કુમાર (મૂળ ઉત્તરપ્રદેશ) પાણીમાં ડૂબી ગયાની ઘટના બની હતી. આ બનાવની જાણ ફાયર વિભાગ અને પોલીસને કરવામાં આવી હતી. ઘટના સ્થળે વાપી મહાનગરપાલિકા તથા વાપી જીઆઈડીસી નોટીફાઈડ ફાયર ફાઈટરોની ટીમ આવી પહોંચી હતી. બનાવ સ્થળ પર ફાયર ટીમે રાત્રિ સુધી રેસ્કયુ હાથ ધર્યુ હતું. જે બાદ બીજા દિવસે રવિવારે ફરીથી ફાયર ટીમ દ્વારા રેસ્કયુ હાથ ધરવામાં આવ્યું હતુ અને નદીમાંથી બાળકની લાશ મળી આવી હતી. આ ઘટના બાદ પરિવારમાં શોક ફેલાયો હતો.


શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*શરતો લાગુ